**ઉચ્ચકવેતન/ફિકસવેતનથી કરાર આધારિત**
**નિમાયેલા વ્યક્તિઓને ટી.એ/ડી.એ. અંગે.**

ગુજરાત સરકાર
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંક-મસભ-૧૦૨૦૧૩-ઓ.૧૫૬૫-ચ
સચિવાલય,ગાંધીનગર
તા.૧૮-૦૯-૨૦૧૪

વંચાણે લીધો:
( ૧ ) નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક – મસભ-૧૦૨૦૦૨-૧૧૮૦-ચ-તા.૧૯-૦૯-૨૦૦૨

નાણા વિભાગના તા.૧૯-૦૯-૨૦૦૨ ના પરિપત્ર થી ઉચ્ચક વેતન/ફિકસ વેતનથી કરારીય ધોરણે અને/અથવા ફિક્સ પગાર ની નીતિ અન્વયે નિમણૂક પામેલ કર્મચારીઓ સરકારી કામકાજ અર્થે ફરજના ભાગરૂપે મુસાફરી કરે તો તેઓને હાલમાં દૈનિક ભથ્થા તરીકે મુખ્ય મથકની બહાર છ કલાકથી વધુ પરંતુ ૧૨ કલાકથી ઓછા રોકાણ માટે રૂ.૧૫/- અને બાર કલાકથી વધુ રોકાણ માટે રૂ.૩૦/- મળવાપાત્ર છે. આ બાબતમાં સંપૂર્ણ વિચારણાને અંતે હાલમાં મળતાં દૈનિક ભથ્થામાં વધારો કરી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

<u>ઠરાવ</u>

સરકારી કામકાજ અર્થે ફરજના ભાગરૂપે મુખ્ય મથક બહારના પ્રવાસ માટે મુખ્ય મથકની બહારના મથકે છ કલાકથી વધુ પરંતુ ૧૨ કલાકથી ઓછા રોકાણ માટે રૂ.૫૦/- અને બાર કલાકથી વધુ રોકાણ માટે રૂ.૧૦૦/- દૈનિક ભથ્થુ મળવાપાત્ર થશે. મુસાફરી ખર્ચ માટે રાજ્ય એસ.ટી,નિગમની બસનુ ભાડુ અને જો રેલ્વે દ્વારા પ્રવાસ કરવામા આવ્યો હોય તો રેલ્વેના બીજા વર્ગનુ ટૂંકામાં ટુંકા રૂટનુ રેલ્વે ભાડુ મળવાપાત્ર થશે.

આ ઠરાવ ગ્રાન્ટ -ઇન-એઇડ સંસ્થાઓ તેમજ બોર્ડ / નિગમોના કરારીય કર્મચારીઓને પણ લાગુ પડશે.

આ ઠરાવ તેની રવાનગી તારીખથી અમલમાં આવશે.

ગુજરાત ના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( શૈલેષ.વિ.પરમાર )
ઉપસચિવ
નાણા વિભાગ